सत्यमेव जयते

**–:નમુનો–અ:–**

**કાલાવડના મહેરબાનશ્રી જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ) સાહેબની કોર્ટમાં, મુકામ : કાલાવડ**

**ચુકાદાની તારીખ: ૦૮/૦૫/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. : ૧૪૯૬/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ,૧૯૪૯ ની કલમ–૬૫ (એ)(એ), ૮૧** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં.– ૩૦૮૪૫/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે. |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી ડી.ડી.કારીયા |
| આરોપીપક્ષ | ૧. હરેશભાઈ કાનજીભાઈ વાડોલીયા<br>ઉ.વ–૩૬, ધંધો–મજુરી,<br>રહે– ભલાસાણ બેરાજા ગામ તા. કાલાવડ જી.જામનગર<br>૨. આમીરભાઈ અલીભાઈ આદમાણી<br>ઉ.વ.૨૬, ધંધો–ખેતી,<br>રહે– બેરાજા ભલસાણ, મુળ. અરલા ગામ તા. કાલાવડ, જી.જામનગર |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલશ્રી આર.આઈ.જાડેજા |

**–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૩/૧૨/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૧૨/૨૦૨૩ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૧૦/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૧૬/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૧૨/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | હરેશભાઈ કાનજીભાઈ વાડોલીયા | ૧૩/ ૧૨/૨૦૨૩ | ૧૩/ ૧૨/૨૦૨૩ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ,૧૯ ૪૯ ની કલમ–૬૫(એ)(અ), ૮૧ | નિર્દોષ છોડયા | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨. | આમીરભાઈ અલીભાઈ આદમાણી | ૧૩/ ૧૨/૨૦૨૩ | ૧૩/ ૧૨/૨૦૨૩ | '' | | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | કલ્પેશભાઈ હરેશભાઈ મૈચડ | ફરીયાદી |
| ફ.સા. ૨ | રવિભાઈ કેશુભાઈ રામનાણી | પંચ સાહેદ |
| ફ.સા. ૩ | મનીષભાઈ અશોકભાઈ પરમાર | પંચ સાહેદ |
| ફ.સા. ૪ | નીતેશકુમાર કાથડભાઈ છૈયા | ત.ક.અ |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | પંચ સાહેદ રવિભાઈ કેશુભાઈ રામનાણીની જુબાની |
| ૨ | ૧૧ | પંચનામુ |
| ૩ | ૧૨ | પંચ સાહેદ મનીષભાઈ અશોકભાઈ પરમારની જુબાની |
| ૪ | ૧૯ | ફરીયાદી કલ્પેશભાઈ હરેશભાઈ મૈચડની જુબાની |
| ૫ | ૨૦ | ફરીયાદ |
| ૬ | ૨૬ | ત.ક.અ નીતેશકુમાર કાથડભાઈ છૈયાની જુબાની |
| ૭ | ૨૭ | રવાનગી પત્રક |

## ::–ચુકાદો–::

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, તા. ૧૩–૧૨–૨૦૨૩ ના રોજ કલાક ૧૯/૦૦ અરસામાં ભલાસણ ગામે કાલાવડ નજીક આ કામના આરોપી હરેશભાઈ કાનજીભાઈ વાડોલીયા ગે. કા પાસ પરમીટ વગર પોતાના કબજામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ચપલાની હેરા ફેરી કરી વેચાણ અર્થે પોતાના કબજામાં રાખી રેઈડ દરમિયાન ચપલા નંગ–૨૨ કી. ૨૨૦૦/– તથા મોબાઈલ ફોન કી. ૫૦૦૦/– મળી કુલ ૭૨૦૦/– ના મુદામાલ સાથે પકડાઈ જઈ તથા આરોપી નં.૨ આમીરભાઈ વલીભાઈ આદમાણીવાળાએ આરોપી ને વિદેશી દારૂ જથ્થો પુરો પાડી એકબીજાની મદદગારી કરી પકડાઈ જઈ સદર આરોપીએ ગુન્હો કરેલ હોય, જેથી ફરિયાદીએ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક– ૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫, ૦૬ થી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ

આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે.

**(૪)** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**<u>−::મુદાઓ::−</u>**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૩−૧૨−૨૦૨૩ ના રોજ કલાક ૧૯/૦૦ અરસામાં ભલાસણ ગામે કાલાવડ નજીક આ કામના આરોપી હરેશભાઈ કાનજીભાઈ વાડોલીયા ગે. કા પાસ પરમીટ વગર પોતાના કબજામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ચપલાની હેરા ફેરી કરી વેચાણ અર્થે પોતાના કબજામાં રાખી રેઈડ દરમિયાન ચપલા નંગ−૨૨ કી. ૨૨૦૦/− તથા મોબાઈલ ફોન કી. ૫૦૦૦/− મળી કુલ ૭૨૦૦/− ના મુદામાલ સાથે પકડાઈ જઈ તથા આરોપી નં .૨ આમીરભાઈ વલીભાઈ આદમાણીવાળાએ આરોપી ને વિદેશી દારૂ જથ્થો પુરો પાડી એકબીજાની મદદગારી કરી પકડાઈ જઈ, **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ−૬૫(એ)(એ), ૮૧** મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| **(૨)** | શું હુકમ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં.** |
| **(૨)** | આખરી હુકમ મુજબ |

**<u>−::કારણો::−</u>**

**<u>મુદા નંબર :− ૧</u>**

**(૬.૧)** ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે આંક− થી ફરિયાદી કલ્પેશભાઈ હરેશભાઈ મૈચડને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૧૩/૧૨/૨૩ કલાક ૧

૬:૦૦ વાગ્યે અમો તથા અન્ય સ્ટાફના માણસો સાથે વિસ્તારમા ખાનગી વાહન મા પેટ્રોલીંગમા હતા તે દમ્યાન ફરતા ફરતા કલાક ૧૬:૦૦ વાગ્યે ભલસાણ બેરાજા ગામ વિસ્તારમાં પ્રોહી જુગાર ના કેસો સોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ગામ મા પહોચતા અમો તથા કાનાભાઈ જગાભાઈ મોરીને ખાનગી રાહે બાતમી મળેલ કે અહી આગળ રહેતો હરેશભાઈ કાનજીભાઈ વાડલીયા પોતાના કબ્જાના મકાનમાં ગેર કાયદેસર રીતે ઈગ્લીશદારુની બોટલો રાખી વેચાણ કરે છે તેથી તુરંતજ બે રાહદારી પંચો બોલાવી પ્રોહી ૧૨૦ નો ઠરાવ કરી કલાક ૧૯:૦૦ વાગ્યે સદરહુ ઈસમના મકાનમાં રેઈડ કરતા એક ઈસમ મળી આવેલ પંચો રુબરુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ હરેશભાઈ કાનજીભાઈ વાડલીયા રહે.ભલસાણ બેરાજા ગામ વાળો હોવાનુજણાવેલ પંચો રુબરુ મકાનની જડતી કરતા ભારતીયા બનાવટનો વિદેશી દારુ ના ચપલા મળી આવેલ જે પોતાના કબ્જામા રાખવા અંગે પાસ પરમીટ માગતા ન હોવાનુ જણાવેલ જેથી રુમ માથી ગોવા વ્હીસ્કી ફોર ઈન એમ.મી ૧૮૦ મીલી એકની કીમત કી.રૂા. ૧૦૦ ગણી કુલ બોટલના કી.રૂા.૨૨૦૦ ગણી તપાસ અર્થે કબ્જે કરેલ મજકુર ઈસમના પાસેથી એક વીવો કંપનીનો મોબાઈલ કી.રૂા. ૫૦૦૦/– ગણી કબ્જે કરેલ છે તેની સામે ધોરણસર થવા ફરીયાદ આપેલી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ કથનોનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગ દરમ્યાન સ્ટેશન ડાયરીમા નોંધ કરવામા આવે છે, અમો પેટ્રોલીંગ ગયેલ તેની નોંધ કયાંય કરેલ નથી, ફરીયાદમા પંચોના નામ સરનામુ જણાવેલ નથી, બનાવ વાળી જગ્યા રહેણાંકીય વિસ્તાર છે અને ત્યા માણસોની સતત અવર જવર ચાલુ હોય છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મારી સરતપાસમા સોગંદઉપર ખોટી હકિકત જણાવી સોગંદઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૬.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૧૦ થી પંચ સાહેદ રવિભાઈ કેશુભાઈ રામનાણીને તથા આંક–૧૨ થી પંચ સાહેદ મનીષભાઈ અશોકભાઈ પરમાર ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૧ વાળા રેઈડ અંગેના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની અન્ય કોઈ વિગતને સમર્થન આપેલ નથી. જેથી આંક–૧૧ વાળુ રેઈડ અંગેના પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતુ

નથી.

(૬.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૨ થી ત.ક.અ. નીતેશકુમાર કાથડભાઈ છૈયા ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

ગઈ તા.૧૩/૧૨/૨૦૨૩ ના રોજ અમો પો. હેડ.કો. તરીકે કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે.માં ફરજ પર હતા ત્યારે આ કામના ફરીયાદી પો.કોન્સ.કલ્પેશભાઈ હરેશભાઈ મૈયડનાઓએ આ કામના આરોપીઓ હરેશભાઈ કાનજીભાઈ વાડોલીયા વગેરે નાઓ વિરૂધ્ધ પ્રોહી કલમ –૬૫એએ,૮૧ મુજબની ફરીયાદ રજુ કરતા તે સંબંધે અમારા પો.સ્ટે.ના પી.એસ.ઓ.એ ગુન્હો દાખલ કરી ગુ.ર.નં. ૮૪૫/૨૩ ના કામે ગુન્હો દાખલ કરી આ કામની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લઈ આ કામે આરોપીને મુદત હરોળમાં કબુલાત તથા જામીન અંગેની કામગીરી કરેલી. ત્યારબાદ રેડીંગ પાર્ટીના સભ્યોના નિવેદન લઈ મુદામાલ પો.સ્ટે. જમા કરાવી મુદામાલ એફએસએલ તપાસ થવા તજવીજ કરી જે અંગેના રવાનગી પત્રક તથા સતા અંગેનુ પ્રમાણપત્ર આ કામે રજુ રાખેલ હોય જે રજુ દા.આંક ૨૩ આપવામાં આવે છે. તેમજ હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ કથનોનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગ દરમ્યાન લોગબુક નીભાવવામા આવતી હોય છે, અમે કોઈ જગ્યાએ પેટ્રોલીંગમાં જઈએ તેની નોંધ કયાંય કરેલ નથી, અમોએ આ કામે પેટ્રોલીંગ અંગેનો આધાર આ કામે તપાસમાં રજુ રાખેલ નથી, બનાવાળી જગ્યા રહેણાંકીય વિસ્તાર છે અને ત્યાં માણસો સતત અવર જવર ચાલુ હોય છે, રહેણાંક અંગેના કોઈ આધાર પુરાવા તપાસ દરમ્યાન કબ્જે કરેલ નથી, આજુબાજુ રહેણાંક વિસ્તાર ના માણસોના નીવેદન લીધેલ નથી, ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી, અમોએ તપાસના કામે પોલીસ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, હાલના કામના આરોપી સદર ગુનામા સંડોવાયેલ ન હોવા છતા સારી કામગીરી બતાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે, ફરીયાદીની ફરીયાદ સંબંધે તેને સમર્થન આપવા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપી પાસેથી ઈગ્લીશ દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા રહેણાકીય વિસ્તાર જગ્યા છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા રહેણાકીય વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. તેમજ આરોપી વિરૂઘ્ધ ગેરકાયદેસર ઈગ્લીશ દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા તપાસ કરનાર અમલદાર આરોપી કબજામાંથી ઈગ્લીશ દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂઘ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપ્રીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પં ચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આઘાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧(૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આઘાર રાખવો તે સલામતી ભર્યૃ ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોઘાભાસ જણાતો હોય તો આરોપીને શં કાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી

નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીર્પોટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી ઈગ્લીશ દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: આખરી હુકમ :::

**(૧)** આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વીત્યે, મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ મુદામાલ પ્રોહીબીટેડ દારૂનો નાશ કરવો તથા કબજે કરવામાં આવેલ મોબાઈલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ માલીકી ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૦૮ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૮/૦૫/૨૦૨૬**
**કાલાવડ.**

**( હર્ષદ રાજાભાઈ ખમલ )**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**કાલાવડ.**
**(જજ કોડ નંબર – GJ01749)**